# રાજ્યના વિવિધ ભાગમાં મેઘમહેર યથાવત

## દાહોદ જિલ્લામાં ભારે વરસાદથી પાણી ભરાયા : ખેડા, આણંદ તેમજ નડિયાદ સહિતના પંથકોમાં પણ વરસાદ : ભાવનગરમાં વીજળી પડતાં યુવાનનુ મોત

અમદાવાદ, તા.૨૫

રાજયમાં મેઘરાજા આ વર્ષે તેમની કૃપા અવિરતપણે હજુ સુધી વરસાવી રહ્યા છે. આજે પણ દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ અને અન્ય પંથકોમાં મેઘરાજા જાણે મહેરબાન થયા હોય એ રીતે વરસ્યા હતા. ખાસ કરીને સુરત જિલ્લામાં બારડોલી, કચ્છના મુંદ્રા, અબડાસા, દાહોદના સંજેલી સહિતના પંથકોમાં ભારે વરસાદ નોંધાયો હતો. કચ્છના મુંદ્રામાં તો, માત્ર એક જ કલાકમાં દોઢથી બે ઈંચ વરસાદ ખાબકતાં સર્વત્ર પાણી ભરાઈ ગયા હતા. તો, દાહોદના સંજેલી પંથકમાં પણ ધોધમાર વરસાદ ખાબકતાં સમગ્ર વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. ખેડા, આણંદ, નડિયાદ, સાબરકાંઠા, વાપી, અંકલેશ્વર, વલસાડ સહિતના પંથકોમાં પણ જોરદાર વરસાદ પડયો હતો. આમ, રાજયભરના ઘણાખરા પંથકોમાં સાર્વત્રિક વરસાદ આજે નોંધાતાં વાતાવરણ ઠંડકમય અને પાણી પાણીભર્યુ બની ગયુ હતુ.

ભાવનગરના પાલિતાણાના દેડરડી ગામે વીજળી પડતાં એક યુવકના મોતની ઘટના નોંધાઈ હતી, જેને લઈ સ્થાનિક ગ્રામજનોમાં ભારે અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. સુરત જિલ્લામાં આજે મેઘરાજાએ આજે જોરદાર જમાવટ કરી હતી. સમગ્ર દિવસ દરમ્યાન આજે સુરતના વરાછા, કાપોદ્રા, સરથાણ, કતાર ગામ, રાંદેર, અડાજણ સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ ખાબકયો હતો, જેના કારણે આ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. તો, સુરત જિલ્લાના બારડોલી, કડોદરા, પલસાણા, મહુવા, માંડવી, કામરેજ સહિતના પંથકોમાં પણ જોરદાર વરસાદ નોંધાતાં સર્વત્ર વરસાદી પાણી ફરી વળ્યા હતા. રોડ, રસ્તાઓ અને કોઝ-વે પાણીમાં જાણે ગરકાવ બન્યા હતા. દરમ્યાન કચ્છના મુંદ્રામાં એક કલાકમાં દોઢથી બે ઈંચ વરસાદ ખાબકતાં થોડી વાર માટે તો જાણે જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી.

આસપાસના સમગ્ર વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતો તો, કચ્છના અબડાસા પંથકમાં પણ મેઘરાજાએ મહેર વરસાવી હતી. દરમ્યાન મધ્ય ગુજરાતમાં પણ વડોદરા અને તેની આસપાસના પંથકોમાં ખાસ કરીને પાદરા શહેર, દાહોદ, સંજેલી સહિતના પંથકોમાં પણ આજે ધોધમાર અને તોફાની વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને દાહોદ, સંજેલી સહિતના પંથકોમાં ભારે વરસાદની વધુ અસર જોવા મળી હતી. બીજીબાજુ, ખેડાના નડિયાદમાં , આણંદ જિલ્લાના ગ્રામ્ય પંથકોમાં પણ ભારે વરસાદ ખાબકયો હતો. આણઁદ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભારે વરસાદને પગલે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. તો, સૌરાષ્ટ્રના અમરેલી, દામનગર, જામનગરના ખંભાળિયા, ગીર-સોમનાથ જિલ્લાના ઉના, ગીર ગઢડા, ઉમેજ, પડા સહિતના પંથકોમાં પણ ભારે વરસાદી ઝાપટાં નોધાયા હતા. જેના કારણે અહીં પણ વરસાદી પાણી ફરી વળ્યા હતા. તો, ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા, પ્રાંતિજ, અરવલ્લી સહિતના પંથકોમાં મેઘરાજાએ આજે ધમાકેદાર બેટીંગ કરી હતી. રાજયભરના ઘણાખરા પંથકો અને વિસ્તારોમાં આજે સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. વાવાઝોડાનો ખતરો ટળી ગયો છે પરંતુ ભારે વરસાદની ચેતાવણી અકબંધ રાખવામાં આવી છે. આગામી પાંચમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. દક્ષિણ ગુજરાતના ડાંગ, તાપી, વલસાડ, નવસારીમાં ભારે વરસાદ થઈ શકે છે. બીજી બાજુ દક્ષિણ ગુજરાતમાં અન્ય ભાગોમાં પણ વરસાદી માહોલ રહી શકે છે.

પચંમહાલ, દાહોદ, મહીસાગર, ભરૂચ, સુરત અને નવસારીમાં પણ ભારે વરસાદ થઈ શકે છે. તંત્ર દ્વારા ભારે વરસાદની ચેતાવણીને ધ્યાનમાં લઈને વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે.

## ગુજરાતમાં હજુ સુધી ૧૨૬ ટકાથી વધુ વરસાદ નોંધાયો

ગુજરાત રાજ્યમાં હજુ સુધી ૧૨૬.૧૭ ટકા સરેરાશ વરસાદ વરસ્યો છે, પરિણામે રાજ્યના ૯૯ જળાશયો છલકાયા છે. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૯૫૩ મી.મી. એટલે કે સરેરાશ ૧૩૭.૭૩ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૯૫૮ મી.મી. એટલે કે સરેરાશ ૧૧૭.૯૭ ટકા, સૌરાષ્ટ્ર રીજીયનમાં ૮૩૧ મી.મી. એટલે કે સરેરાશ ૧૨૫.૩૮ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૮૬ મી.મી. એટલે કે સરેરાશ ૯૯.૬૯ ટકા અને કચ્છ રીજિયનમાં ૫૭૯ મી.મી. એટલે કે સરેરાશ ૧૪૪.૫૮ ટકા વરસાદ વરસ્યો છે. આમ રાજ્યમાં સરેરાશ કુલ ૧,૦૨૯.૫૪ મી.મી. એટલે કે, સરેરાશ ૧૨૬.૧૭ ટકા વરસાદ થયો છે તેમ, સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના અહેવાલમાં જણાવાયું છે. રાજ્યમાં ૧૨૬ ટકાથી વધુ સરેરાશ વરસાદ થવાથી રાજ્યના કુલ ૨૦૪માંથી ૯૯ જળાશયો છલકાયા છે. તા. ૨૫ સપ્ટેમ્બર-૨૦૧૯ સવારે ૮.૦૦ કલાકની સ્થિતિએ સરદાર સરોવર જળાશયમાં ૩,૨૯,૧૮૯.૪૮ એમ.સી.એફ.ટી. પાણીનો સંગ્રહ થયો છે.

જે કુલ સંગ્રહશક્તિના ૯૮.૫૪ ટકા છે. ૬૨ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા તેમજ ૧૪ જળાશયો ૫૦ થી ૭૦ ટકા વચ્ચે ભરાયા છે તેમ, રાજ્યના જળ સંપત્તિ વિભાગ, ગાંધીનગર દ્વારા મળેલા અહેવાલોમાં જણાવાયું છે. ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૬૧.૨૩ ટકા, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૯૭.૬૧ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૯૭.૩૭ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૭૫.૫૯ ટકા અને સૌરાષ્ટ્રના ૧૩૯ જળાશયોમાં ૮૬.૮૦ ટકા પાણીના સંગ્રહ સાથે રાજયના કુલ-૨૦૪ જળાશયોમાં ૫,૦૫,૭૧૪.૩૩ એમ.સી.એફ.ટી. મીટર ઘનફૂટ એટલે કે ૯૦.૮૪ ટકા પાણીનો સંગ્રહ છે.



છેલ્લા ૨૧ વર્ષથી પૂજન ડાન્સ એકેડેમી દ્વારા નવરાત્રી નિમિત્તે રાસ ગરબા શીખવવામાં આવે છે. આ વર્ષે પણ નાનાથી લઈ મોટા કલાસીસમાં ગરબા શીખી ગરબે ઘૂમવા ઉત્સાહિત જણાઈ રહ્યા છે.

## ઉકાઈ ડેમ સપાટી ૩૪૪ ફૂટને પાર : ભયજનક સપાટી નજીક

સપ્ટેમ્બર મહિનો પૂર્ણ થવાને હવે થોડા જ દિવસો બાકી રહ્યા છે, છતાં આ વર્ષે સુરતના ઉકાઈ ડેમમાં સતત પાણીની આવક ચાલુ રહેતા તંત્ર દ્વારા સતત પાણી છોડવાનું વધારી અને ઘટાડીને ઉકાઈ ડેમને સંપૂર્ણ ભરવા તરફ જઈ રહ્યા છે. આજે ઉકાઈ ડેમની સપાટી ૩૪૪.૦૮ પર પહોંચી ગઈ છે અને ભયનજક સપાટી ૩૪૫ ફૂટ હોવાથી હવે માત્ર એક જ ફૂટ પાણીની સપાટી ભયજનકલ લેવલથી બાકી રહી છે. તંત્ર દ્વારા ડેમમાં પાણીની આવક પર સતત વોચ રાખવામાં આવી રહી છે. ઉકાઈ ડેમના ઉપરવાસમાં છેલ્લા ૨૪ કલાકમાં સામાન્ય વરસાદ નોંધાયો હતો અને હથનુર ડેમમાંથી ૪૪ હજાર ક્યુસેક પાણી છોડવાનું ચાલુ રખાયું છે. જેના કારણે ઉકાઈ ડેમમાં સતત પાણીની આવક થઈ રહી છે. આજે પણ સવારે ૯૬ હજાર ક્યુસેક પાણીની આવક થઈ રહી હતી. જ્યારે હાલ ૭૪ હજાર ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. પાણીની આવક સામે સવારે ૭૯ હજાર ક્યુસેક પાણી છોડાવી રહ્યું હતું. જ્યારે હાલ ૨૨ હજાર ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. જેના કારણે સવારે ઉકાઈ ડેમની સપાટી ૩૪૩.૯૧ ફુટ હતી



નવરાત્રી નજીક આવી રહી છે ત્યારે સે-૧૬ ખાતે બાળકો પરંપરા મુજબ માતાજીનો ગબ્બર બનાવતા ઉત્સાહિત જોવા મળી રહ્યા છે.

## પોલેન્ડના બે પ્રાધ્યાપકોએ એનઆઈસીએમ એસજેપીઆઈના વિદ્યાર્થીઓના દિલ જીતી લીધા

ગાંધીનગર, તા. ૨૫

આજે ગાંધીનગરના ચ-૦ સર્કલ નજીક સ્થિત શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ ખાતે પોલેન્ડથી બે પ્રાધ્યાપકો પ્રો. ઝડઝીસ્લૉ પોકવસ્કી અને લ્યુડોસ્લો ડ્રેલિચૉસ્કી પધાર્યા હતા. જેમણે સંસ્થાના વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો. ભારત સાથે શિક્ષણ ક્ષેત્રે ભાગીદારી કરવાના ઉદ્દેશથી પધારેલા આ બંને પ્રાધ્યાપકોએ આ પ્રસંગે ભારતીય સંસ્કૃતિના તેઓ ચાહક હોવાનું જણાવાત ખાસ કરીને ગુજરાતના ગરબા, દિવાળી અને ઉત્તરાયણ સાથે મહેમાનગતિના પણ ભરપેટ વખાણ કર્યા હતા.

પોલેન્ડના પ્રો. પોકવસ્કીએ જણાવ્યું હતું કે તેમણે ભારતમાં ઘણી યુનિવર્સિટી સાથે જોડાણ કર્યુ છે અને અહીંની શિક્ષણ વ્યવસ્થા, સંસ્કૃતિ, કૃષિ પદ્ધતિ વગેરે અંગે તેઓએ ઘણા માહિતગાર છે. આ સાથે તેમણે વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે પોલેન્ડને પસંદ કરવા જણાવતા તે માટેની સમગ્ર પ્રક્રિયા તથા સરકારી નીતિ સાથે વિદ્યાર્થીલક્ષી સુવિધાઓની માહિતી આપી હતી. ગુજરાતી થાળીના વખાણ કરવા સાથે પ્રો. ડ્રેલિચૉસ્કીએ એમબીએના વિદ્યાર્થીઓના પ્રશ્નોના રસપ્રદ જવાબો આપ્યા હતા. આ પ્રસંગે એસજેપીઆઈના ડિરેક્ટર ડૉ. બી.કે. નિર્મલ, પ્રો. કૃણાલ જોષી, પ્રો. ઉર્વી અમીન તથા હરપાલસિંહ ઝાલા ઉપસ્થિત રહ્યાં હતા તેમજ આશરે ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓએ આ સંવાદમાં ભાગ લીધો હતો.




### વિદેશી મહેમાને મહિલા પ્રાધ્યાપકના ચરણ સ્પર્શ કરતાં આશ્ચર્ય

પ્રો. બ્લુડોસ્લૉ ડ્રેલિચોસ્કીએ એસજેપીઆઈના મહિલા પ્રાધ્યાપક ડૉ. ઉર્વી અમીનના ચરણ સ્પર્શ કરતા આશ્ચર્ય ફેલાયું હતુ. આ બાબતે તેમણે જણાવ્યું હતું કે 'હું ભારતીય સંસ્કૃતિને સારી પેઠે જાણુ છુ અને આપની સંસ્કૃતિમાં મહિલાને દેવી ગણવામાં આવે છે જેને વંદન જ કરાય' આ સાથે તેમણે જણાવ્યુ હતુ કે તેઓએ જ્યારે ભારત આવવાની વાત પત્નિને કરી ત્યારે તેમની પત્નિએ એક ક્ષણમાં વિલંબ વગર મંજૂરી આપી દીધી હતી કેમ કે 'તે માને છે કે ભારતીયો અને તેમાં પણ ખાસ કરીને ગુજરાતીઓ મહેમાનને ભગવાન માને છે.''

## એન્ટીબાયોટીક્સ દવાઓનું આડેધડ સેવન ખુબ જોખમી

શહેરના એસજી હાઈવે પર આવેલી સોલા સિવિલ હોસ્પિટલ ખાતે આજે હોસ્પિટલ સત્તાધીશો અને ગુજરાત રાજય ફાર્માસીસ્ટ મંડળ તથા ફેડરેશન ઓફ સ્ટેટ ફાર્માસીસ્ટ દ્વારા વર્લ્ડ ફાર્માસીસ્ટ ડેની અનોખી ઉજવણી કરાઈ હતી. જે દરમ્યાન દર્દીઓ અને તેમના સગાવ્હાલાઓમાં પ્રિસ્ક્રીપ્શન વિના દવાનું જે વેચાણ થાય છે, તે મુદ્દે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરાયો હતો. તો, આડેધડ દવાઓનું સેવન નહી કરવા ખાસ કરીને એન્ટી બાયોટીક દવાઓનું સેવન ગમે તેમ કે ડોકટરના સલાહ-માર્ગદર્શન વિના નહી કરવા સમજાવાયા હતા અને તેની ગંભીરતા સમજાવાઈ હતી. જેમાં ખાસ સંદેશો અપાયો હતો કે, ડોકટરના સલાહ માર્ગદર્શન વિના એન્ટિબાયોટીક્સ દવાઓનું આડેધડ સેવન જોખમી અને ગંભીર પરિણામો લાવનારું બની શકે છે, તેથી દર્દીઓ અને તેમના સગાઓએ આ બાબતે જાગૃતિ કેળવવી રહી. આ અંગે સોલા સિવિલ હોસ્પિટલના ઈન્ચાર્જ ફાર્માસીસ્ટ અને ગુજરાત રાજય ફાર્માસીસ્ટ મંડળના સંગઠન મંત્રી ચિરાગ ટી.સોલંકીએ જણાવ્યું હતું કે, દર વર્ષે સમગ્ર વિશ્વમાં તા.૨૫મી સપ્ટેમ્બરને વર્લ્ડ ફાર્માસીસ્ટ ડે તરીકે ઉજવવામાં આવે છે. સોલા સિવિલ હોસ્પિટલ ખાતે પણ આજે વર્લ્ડ ફાર્માસીસ્ટ ડેની ઉજવણી દરમ્યાન દર્દીઓ અને તેમના સગાવ્હાલાઓને દવાઓ વિશેની પૂરતી સમજ અને રોગચાળો ના ફેલાય તેની સાવચેતી, આડેધડ દવાઓનું સેવન નહી કરવા, દવાઓ લેતા પહેલા કે, ખાસ કરીને એન્ટિબાયોટીક દવાઓના સેવન માટે ડોકટરના સલાહ-માર્ગદર્શન લેવા સહિતના મુદ્દાઓ પર ખાસ જાણકારી અને માર્ગદર્શન પૂરા પાડવામાં આવ્યા હતા.




### કે.બી. ફાર્મસી કોલેજે વિશ્વ ફાર્માસિસ્ટ દિવસ ઉજવ્યો

ગાંધીનગરના સેક્ટર-૨૩ ખાતેની કે.બી. ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસીટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ દ્વારા તા. ૨૫મી સપ્ટેમ્બર ''વિશ્વ ફાર્માસિસ્ટ દિવસ''ની ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે આ ઉજવણીની થીમ 'સલામત અને અસરકારક દવાઓ દરેક માટે' આધારિત ઉજવણી કરવામાં આવી હતી જે અંતર્ગત અંદાજે એક હજાર જેટલાં વિદ્યાર્થીઓને પ્રવર્તમાન ફાર્મા ક્ષેત્રના પ્રવાહો અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. કે.બી. ફાર્મસી કોલેજના ઈસ્પોર ચેપ્ટર દ્વારા આ પ્રસંગે વિવિધ પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં વિવિધ શાળા-કોલેજના શિક્ષકો, વિદ્યાર્થીઓ વગેરેને જાગૃતિલક્ષી માહિતી તેમજ શહેરના કેમિસ્ટના સહયોગથી દર્દીઓના બી.પી. ચેકઅપ સાથે તે અંગે સમજ અને જરૂરી દવાઓ પુરી પાડવામાં આવી હતી.

## ઘરઘાટી બની ચોરી કરનારા પરિવારના ૭ સભ્ય પકડાયા

અમદાવાદ, તા.૨૫

અમદાવાદના નગરજનો માટે ચેતવણીરૂપ અને લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. શહેરમાં લોકોના ઘરમાં ઘરઘાટી તરીકે રહી ચોરી કરી ફરાર થઈ જતા રાજસ્થાનના એક જ પરિવારના સાત સભ્યોની અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરતાં ભારે ચકચાર મચી ગઈ છે. રાજસ્થાનથી આ પરિવારના લોકો અમદાવાદ અને અન્ય શહેરમાં જતા હતા ઘરના માલિકને એક ડમી સીમકાર્ડવાળો ફોન નંબર આપતા હતા. ચોરી કર્યા બાદ ફરાર થઈ જતા હતા અને નંબર બંધ કરી કાર્ડ ફેંકી દેતા હતા. પોલીસે તેઓ પાસેથી દાગીના, મોબાઈલ સહિતનો રૂ.પાંચ લાખથી વધુનો મુદામાલ કબ્જે કર્યો છે.

ઝડપાયેલા આરોપીઓમાં રાજસ્થાનના રાજુ કિર (કેવટ), લોકેશ કિર (કેવટ), જીતુ કિર (કેવટ), શાંતાબેન જીતુ કિર (કેવટ), લલિત કિર (કેવટ), શાંતાબેન લલિત કિર (કેવટ) અને લતા કિર (કેવટ)નો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેરમાં હજારોની સંખ્યામાં રાજસ્થાની ઘરઘાટીઓ રાખવામાં આવે છે. ત્યારે ઘરઘાટી રાખનાર ઘરમાલિકો તેમની સંપૂર્ણ વિગતો પોલીસને આપે તે જરૂરી બને છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે નિકોલ શુકન ચોકડી પાસેથી મૂળ રાજસ્થાનના બાંસવાડાના બડા કોટડા ગામના પરિવારના સાત સભ્યોની ધરપકડ કરી હતી. આરોપીઓની પૂછપરછ કરતા તેઓ છેલ્લા છ મહીનાથી અમદાવાદમાં અવર જવર કરતા હતાં. શહેરના અલગ અલગ વિસ્તારમાં જઈને ફ્લેટો અને સોસાયટીમાં જે જગ્યાએ ઘરઘાટીની જરૂર હોય ત્યાં નોકરી પર રહેતા હતાં. બે ત્રણ દિવસ સુધી ઘરની અંદરની તમામ પરિસ્થિતિથી વાકેફ થયા બાદ પોતાના જ બીજા માણસને ઘરનું બીજુ કામ કરવાનાં બહાને બોલાવતા હતાં. જ્યારે ઘરના સભ્યો હાજર ન હોય તેમ સમયે ઘરમાંથી કિંમતી દાગીના તેમજ રોકડની ચોરી કરીને પલાયન થઈ જતાં હતાં. જ્યારે પણ તેઓ ઘરઘાટી તરીકે કામ કરતા ત્યારે પોતાનો પરિચય બનાવટી આપતાં અને ડમી સીમકાર્ડનો ઉપયોગ કરતા હતા અને ચોરી કર્યા બાદ આ નંબર કાયમ માટે બંધ કરી દેતા હતાં.

### પહેલું સુખ... ● ચોથા પાનાનું ચાલુ

તથા મૂત્રમાર્ગને લગતા રોગો દૂર કરે છે.

- જો પેટમાં ચાંદા પડ્યા હોય તો એકલા દૂધ - ભાત પર રહી ભોયકોળું ખાવાથી ફાયદો થાય.

- ધાવણ વધારવા માટે વિદારીનું ચૂર્ણ દૂધ સાથે લેવું.

- મૂત્ર છૂટ થી ન આવતું હોય તો વિદારીકંદનું ચૂર્ણ પાણી કે દૂધ સાથે લેવું.

- વિદારીકંદ રસાયણ છે. પેટને લગતા તથા પાચનને લગતા રોગો માટે શ્રેષ્ઠ છે.

(૪) મરડાશીંગીઃ અહી મરડાશીંગીને ''મેષશ્રુંગી'' નું કથન છે. જેને લોકભાષામાં ''ગુડમાર'' કહે છે. ગુડમારની એ વિશેષતા છે કે તેના પાન ને ખાધા પછી કોઈ પણ ગળ્યી કે કડવી ખાદ્યવસ્તુ ખાઈએ તો તેનો સ્વાદ નથી આવતો આથી તેને ''મધુનાશીની'' પણ આખે છે.

- મરડાશીંગીને માંધુમેહમાં ઉપયોગમાં લેવામાં આવે છે. તે લોહીમાંની સાકર ઓછી કરે છે. આથી તેને જટામાંસી તથા નાગરમોથ સાથે અર્ક સ્વરૂપે લઈ શકાય.

- મરડાશીંગી ઉલ્ટી કરાવીને કફને બહાર કાઢનાર છે.

(૫) મંજીષ્ઠાઃ ગુજરાતીમાં મંજીષ્ઠાને મજીઠ કહે છે. જેનો અર્થ થઈ છે '' જે સુંદર રંગમાં હોય છે તે''. મજીઠ રંગવાનાં કામમાં પણ આવે છે આથી તેને ''વસ્ત્રભૂષણ'' પણ કહેલ છે. મજીઠ રક્ત અને પિત્તના દોષોને દૂર કરનાર, તાવ, પ્રમેહ, તેમજ ચામડીના રોગોને દૂર કરનાર છે.

- દરેક પ્રકારના ચામડીના રોગોમાં મજીઠ, ગળો, ત્રિફળા, દારૂહળદર, કડું તથા કડવા લીમડાનો ઉકાળો કરી નિયમિત લેવો.

### મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલુ

કુંડના વિશિષ્ટ નામ પાડેલા છે. ગંગા, યમુના, સરસ્વતી, શંખ, ગયા,ગયા,ચક્ર વગેરે. બધા નામમાં સંસ્કૃત ભાષાના શબ્દો છે. આ બધા કુંડોનું જલ માથે ચડાવ્યા પછી મંદિરમાં પ્રવેશ કરવાનો થાય છે. કેટલાક તો નીતરતા વસ્ત્રો સાથે જ દર્શન કરવા જાય છે. પ્રવેશસ્થાને કપડાં બદલવાની વ્યવસ્થા છે એટલે કેટલાક કોરા કપડાં, જો કોરાં રહ્યાં હોય તો તે પહેરીને શિવજીના ચરણે હર હર મહાદેવ બોલતાં જાય છે. જો ટાઢ ચડી ગઈ હોય તો ઉચ્ચારણોમાં થોડાઘણા ફેરફારનો સંભવ રહે છે. અમારામાંથી કોઇને ટાઢ ચડી ન હતી એટલે પ્રભુસ્મરણ સરખી રીતે થઈ શક્યું. ખરેખર તો અમારામાંના બધાએ , હા બધ્ધાએ આ બાવીસ કુંડના સ્નાનનો ભરપુર આનંદ માણ્યો હતો.

● અમે કપડાં બદલી શિવજીના દર્શને ગયા. પુનઃ દર્શન કરવાની પાછી એક અલગ મઝા છે.

### એક્ઝિટ નહી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્ટેશન તેમજ ફાઈવ સ્ટાર હોટલને પણ જોડતો નવો માર્ગ મળશે જયારે વાવોલ ગાંધીનગર તરફ જવા માટે પણ નવો રસ્તો ખુલશે. પરંતુ આ બ્રિજના નિર્માણની કામગીરી હજુ પુર્ણ થઈ નથી. આ કામગીરી ઝુંપડાના દબાણના લીધે અટવાયેલી છે. અલબત્ત રૂટમાં વોવોલ તેમજ ગોકુલપુરા વિસ્તારના ઝુંપડા આવતા આગળનુ કામ હાથ ધરવાનુ મુશ્કેલ બન્યુ છે. હાલ મોટાભાગનુ કામ પુર્ણ થઈ ગયુ છે. પરંતુ અન્ડર બ્રિજમાં અન્ટ્રી થઈ શકે તેમ છે. પરંતુ એકઝિટ લેવી મુશ્કેલ છે. બ્રિજના એક નાંકે ઝુંપડા વસાહત સ્થિત હોવાથી આગળનુ કામ અટક્યુ છે. જો કે આગામી દિવસોમાં આ સમસ્યાનો હલ આવી જશે તેમ પણ મનાઈ રહ્યુ છે. એકબાજુ આમ પણ આ બ્રિજના નિર્માણની કામગીરી માટે નિયત થયેલો સમય પુર્ણ થઈ ગયો છે. ત્યારે હજુ સુધી આ પ્રોજેકટનુ કામ થઈ શક્યુ નથી. મહાત્મા મંદિર વિસ્તારમાં આ બ્રિજની કામગીરી આમ પણ મહત્વની હોવાનુ મનાય છે. જયારે રેલવે સ્ટેશન જવા માટે પણ હાલ યાત્રિકોએ રસ્તો શોધવો પડે તેવી સ્થિતિ છે.

### વરસાદનું વિઘ્ન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસાદી વાયરાથી વ્યથિત છે. જયારે ગરબા મહોત્સના આયોજકો માટે પણ તૈયારીના બે ચાર દિવસો જ રહ્યા છે. નવરાત પર્વનુ કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયુ છે. પરંતુ આકાશમાં રોજબરોજ વાદળો ગોરંભાયેલા રહેતા અષાઢમાં નગરજનોને હેતે ભીંજાવતો વરસાદ હાલ વિલનની ભુમિકામાં હોવાનો રોષ ખૈલેયાઓ વ્યકત કરી રહ્યા છે. શહેરમાં નવરાત્રિ પર્વમાં સમયની પાંબદી વચ્ચે આમ પણ ગરબા ૧૨ ના ટકોરે બંધ થઈ જાય છે ત્યારે વરસાદ પણ ખરા સમયે નવરાત પર્વની ઉજવણીના રંગમાં ભંગ પાડશે તેવા ભયથી ગરબા મહોત્સવના આયોજકો અને ગરબા રસિકો ભારે ચિંતામાં છે.

### નિષ્ફળ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવું હોત? મોદી પર અત્યાર સુધી પ્રતિબંધ ખતમ કરવા અંગે કોઈ પ્રકારનું દબાણ કરાયું નથી, પરંતુ અમે તેની પર દબાણ કરવાનું ચાલું રાખશું. ૯ લાખથી વધારે ભારતીય સૈનિકો કાશ્મીરમાં શું કરી રહ્યા છે? એક વખત કર્ફ્યૂ ઉઠાવી લેવામાં આવશે તો કોણ જાણે ત્યાં શું થશે. તમને લાગે છે કે કાશ્મીરી ચુપચાપ બેસશે?

કાર્યક્રમ દરમિયાન જ્યારે ઈમરાનને પુછવામાં આવ્યું કે શા માટે વિશ્વ કાશ્મીર અંગે તેમના વલણ અંગે ધ્યાન નથી આપતું? તો ઈમરાન ખાને જવાબ આપ્યો કે, તેની પાછળ ભારતનું આર્થિક સ્તર અને વૈશ્વિક પ્રમુખતા છે. તેમણે કહ્યું કે, ભારત ૧૨૦ કરોડ લોકોનું બજાર છે. મોટા ભાગના લોકો આ વાતને મહત્વ આપી રહ્યા છે.

આ પહેલા પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં કાશ્મીર પર પ્રસ્તાવ લાવવાના અંગે સમર્થન મેળવવા માટે નિષ્ફળ રહ્યું. મોટાભાગના દેશોએ આ મુદ્દે પાકિસ્તાનનો સાથ આપવા માટે ઈક્રાર કરી દીધો હતો. ૫૭ દેશોના ઈસ્લામિક કોર્પોરેશન ઓર્ગેનાઈઝેશને પણ પાકિસ્તાનનો સાથ આપ્યો ન હતો. આ જ ભારતની કૂટનીતિક જીત હતી.

ભારત પહેલા જ સ્પષ્ટ કરી ચુક્યો છે કે જમ્મુ કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ને ખતમ કરવો દેશનો આંતરિક મુદ્દો છે. ભારતના વલણને સાર્ક સહિત દુનિયાના ઘણા દેશોનું સમર્થન મળી ચુક્યું છે. રશિયા, યુએઈ, બાંગ્લાદેશ સહિત ઘણા દેશ આ મુદ્દાને ભારતનો આંતરિક મુદ્દો ગણાવી ચુક્યા છે.

### ડુંગળી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હરિયાણા અને આંધ્રપ્રદેશને સસ્તા દરે ડુંગળીનો જથ્થો ઉપલબ્ધ કરાવી ચુકી છે. હવે અન્ય રાજ્યોને પણ રાહત આપનાર છે. પાસવાને ઉમેળુ હતું કે, કેન્દ્ર સરકારે હજુ સુધી ત્રિપુરાને ૧૮૫૦ ટન, હરિયાણાને ૨૦૦૦ ટન અને આંધ્રપ્રદેશને ૯૬૦ ટન ડુંગળી તાત્કાલિક ધોરણે પ્રતિકિલો ૧૫.૫૯ રૂપિયાના દરે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મહત્તમ ભાવ લોકોને હવે ૨૩.૯૦ રૂપિયામાં આવનાર છે. પાસવાને કહ્યું હતું કે, દિલ્હી સરકારને ૨૮મી સપ્ટેમ્બરથી પાંચ દિવસ માટે પ્રતિ દિવસે ૧૦૦ ટન ડુંગળીને માંગ કરવામાં આવ્યા બાદ આ જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત પણ જે રાજ્યને જેટલી જરૂર હશે તેટલા પ્રમાણમાં ડુંગળીનો જથ્થો આપવામાં આવશે. આ પહેલા દિલ્હી સરકારે ડુંગળીની વધતી જતી કિંમતોને લઈને પરેશાન લોકોને મોટી રાહત આપવાનો નિર્ણય કર્યો હતો. મુખ્યમંત્રી કેજરીવાલે કહ્યું હતું કે, તેમની સરકાર મોટા પાયે ડુંગળીનો જથ્થો ખરીદવા જઈ રહી છે. આ જથ્થાને લોકોને મોબાઈલ વેન મારફતે ૨૪ રૂપિયા પ્રતિ કિલોના હિસાબથી ઉપલબ્ધ કરાવવામાં આવશે. આના માટે ટેન્ડર જારી કરવામાં આવી ચુક્યા છે. હાલના દિવસોમાં દિલ્હી અને એનસીઆરમાં ડુંગળીની કિંમતો આસમાને પહોંચી ગઈ છે. ૬૦ રૂપિયાથી લઈને ૮૦ રૂપિયા પ્રતિકિલોના દરે ડુંગળીનું વેચાણ થઈ રહ્યું છે. છેલ્લા ૨૦ દિવસના ગાળામાં ડુંગળીની કિંમતમાં સતત વધારો થઈ રહ્યો છે. શરૂઆતમાં રિટેલમાં ડુંગળીની કિંમત ૪૦ રૂપિયા સુધી હતી. જે હવે વધીને ૮૦ રૂપિયા સુધી પહોંચી ગઈ છે.